GJMR060000792017

| Received on | 08-03-2017 |
|---|---|
| Registered on | 08-03-2017 |
| Decided on | 20-03-2026 |
| Duration on | Yr. Mo. Ds. Ds. |

**::ફોર્મ–એ::**

| |
|---|
| હળવદના મે. એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત,<br>મુ. હળવદ(એન.જી.સુરતી )GJ-00711<br>ચુકાદાની તારીખ – ૨૦/૦૩/૨૦૨૬<br>ક્રિમિનલ કેસ નંબર : ૬૮/૨૦૧૭<br>હળવદ પો.સ્ટે. ફર્સ્ટ પાર્ટ ગુ.ર.નં. ૧૪૯/૨૦૧૫ |

| | |
|---|---|
| ફરીયાદપક્ષ: | શ્રી સરકાર |
| રજુઆત: | વિ.એ.પી.પી.શ્રી એ.પી.માલવાણીયા |
| આરોપીઓ પક્ષ: | ***(૧) લાલજીભાઈ ગંગારામભાઈ બહાપીયા (એબેટ),***<br>(૨) ઠાકરશીભાઈ લાલજીભાઈ બહાપીયા,<br>(૩) ચુનીભાઈ ભુરાભાઈ બહાપીયા,<br>(૪) મહિપતભાઈ ભુરાભાઈ બહાપીયા,<br>(૫) સંજયભાઈ દેવજીભાઈ બહાપીયા,<br>(૬) ધીરૂભાઈ દેવજીભાઈ બહાપીયા,<br>તમામ રહે. ગામ–સુસવાવ(ઈશ્વરનગર), તા.હળવદ, |

| | |
|---|---|
| | જી.મોરબી. |
| રજુઆત | આરોપી તર્ફે વિ.વ.શ્રી એમ.એમ.વાઘેલા. |

| | |
|---|---|
| **ગુન્હો** | ઈ.પી.કો.કલમ:૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ. |

## ::ફોર્મ–બી::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા. ૧૮/૧૧/૨૦૧૫ |
| એફ.આઈ.આર. ની તારીખ | તા. ૨૦/૧૧/૨૦૧૫ |
| ચાર્જશીટની તારીખ | તા. ૦૮/૦૩/૨૦૧૭ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | તા. ૨૯/૦૬/૨૦૧૭ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | તા. ૦૬/૦૮/૨૦૧૮ |
| કઈ તારીખે કામ ઠરાવ પર રાખ્યું | તા. ૧૭/૦૩/૨૦૨૬ |
| ઠરાવની તારીખ | તા. ૨૦/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | નીલ |

| આરોપી | આરોપીઓનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાર /નિર્દોષ | સજા | સી.આર. પી.સી.ની કલમ :૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | લાલજીભાઈ ગંગારામભાઈ બહાપીયા | ૨૫/૧૧/૧૫ | ૦૪/૧૨/૧૫ | આઈ.પી.સી કલમ–૩૨૬ ૩૨૫, ૩૨૪, ૩૨૩, | (એબેટ) | નીલ | નીલ |
| (૨) | ઠાકરશીભાઈ | ૨૫/૧૧/૧૫ | ૦૪/૧૨/૧૫ | | છોડી મુકયા | નીલ | નીલ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | લાલજીભાઈ બહાપીયા | | | ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ ૧૩૫ | | | |
| (૩) | ચુનીભાઈ ભુરાભાઈ બહાપીયા | ૨૫/૧૧/૧૫ | ૦૪/૧૨/૧૫ | | છોડી મુકયા | નીલ | નીલ |
| (૪) | મહિપતભાઈ ભુરાભાઈ બહાપીયા | ૨૫/૧૧/૧૫ | ૦૪/૧૨/૧૫ | | છોડી મુકયા | નીલ | નીલ |
| (૫) | સંજયભાઈ દેવજીભાઈ બહાપીયા | ૨૫/૧૧/૧૫ | ૦૪/૧૨/૧૫ | | છોડી મુકયા | નીલ | નીલ |
| (૬) | ધીરૂભાઈ દેવજીભાઈ બહાપીયા | ૨૫/૧૧/૧૫ | ૦૪/૧૨/૧૫ | | છોડી મુકયા | નીલ | નીલ |

## FORM C

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ–:

| **ક્રમ નં.** | **આંક** | **સાક્ષી** | **નામ.** |
|---|---|---|---|
| ૧. | ૧૫ | ફરીયાદી | રાજેશભાઈ મગનભાઈ પટેલ |
| ૨. | ૧૬ | સાહેદ | અલ્પેશભાઈ મગનભાઈ |
| ૩. | ૧૭ | સાહેદ | મગનભાઈ જીવાભાઈ |
| ૪. | ૨૨ | સાહેદ | માણેકબેન મગનભાઈ |
| ૫. | ૨૩ | સાહેદ | લતાબેન અલ્પેશભાઈ |
| ૬. | ૨૪ | પંચ | પ્રભુભાઈ આંબાભાઈ કાલરીયા |
| ૭. | ૨૬ | પંચ | મહેશભાઈ પોલજીભાઈ કાચરોલા |
| ૭. | ૨૭ | સાહેદ | ડો.વિનોદભાઈ વશરામભાઈ કૈલા |

| | | | |
|---|---|---|---|
| ૮. | ૩૬ | ત.ક.અ. | હર્ષદરાય વ્રજલાલ વાઘેલા |
| ૯. | ૩૯ | પંચ | રામજીભાઈ છગનભાઈ |

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ–:

| **ક્રમ નં.** | **આંક** | **દસ્તાવેજનુ વર્ણન.** |
|---|---|---|
| ૧. | ૧૫–એ | અસલ ફરીયાદ |
| ૨. | ૨૫ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ૨૮થી૩૩ | મેડીકલ પેપર્સ |
| ૪. | ૩૭ | હથિયારબંધીનું જાહેરનામું |
| ૫. | ૩૮ | અટક પંચનામું |

હળવદ.

તા.૨૦/૦૩/૨૦૨૬ (નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

**:: ઠરાવ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૮/૧૧/૧૫નાં રોજ ક.૧૦:૩૦વાગે ઈશ્વરનગર ગામની સીમમાં આરોપીને ફરીયાદીએ પાણીનો ધોરીયો રીપેર કરવાનું કહેતા બોલાચાલી કરી, આરોપી નં.૧નાએ પોતાના હાથમાં રહેલ સોરીયાનો એક ઘા ફરીયાદીના માથામાં મારેલ જેથી ફરીયાદીના માથાના ભાગે જમણા કાનના પાછળના ભાગે લાગેલ અને લોહી નીકળવા લાગતા ફરીયાદી ત્યાં પડી જતાં ઠાકરશી લાલજીએ તેના હાથમાં રહેલ પાવડાનો ઉંધો એક ઘા માથામાં મારતા માથાના ઉપરના ભાગે લાગેલ અને ચુનીભાઈ ભુરાભાઈએ તેના હાથમાં રહેલ લાકડી વતી ફરીયાદીને આડેધડ માર મારેલ અને મહીપતભાઈના હાથમાં ખુલ્લી છરી હતી તેનાથી મારવા જતા પડખુ ફરતા જમણા હાથની કોણી પાસે સરકો થયેલ અને આ વખતે ફરીયાદી રાડો પાડતા  આ ચારેય જણા તેના હાથમાં રહેલ હથિયારો લઈને તેની વાડી તરફ જતા રહેલ અને જતા જતાં કહેલ કે ધોરીયો રીપેર કરવાનું કયારેય અમોને કહેતો નહી નહીંતર તને મારી નાખવો પડશે તેવી ધમકી આપી જતાં રહેલ, આ લોકોના કુટું બી સંજય દેવજી તથા ધીરુભાઈ દેવજીભાઈ બને ભાઈઓ હાથમાં લાકડીઓ લઈને આવી ફરીયાદીને આડેધડ લાકડી વતી મારવા લાગતા ફરીયાદીને મુંઢ ઈજાઓ થયેલી તે વખતે ફરીયાદીનો ભાઈ રાડો સાંભળી તથા બાજુની વાડી વાળા મજુરો માવસિંગભાઈ એમ બન્ને જણા આવી જતા આ બન્ને પણ ગાળો બોલતા ત્યાંથી જતા રહેલ આ પછી ફરીયાદીને માથામાં લાગેલ હોય લોહી નીકળતું હોય જેથી ફરીયાદીના ભાઈના મો.સા.માં ભાઈ તથા માવસિંગ બન્ને ઘરે લઈ

આવેલ. ઘરે બધાને વાત કરી ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી આવી જતા ફરીયાદીનો ભાઈ તથા બાપુજી તથા કુટુંબીજનો હળવદ સરકારી દવાખાનામાં લઈ ગયેલ અને ત્યાં પ્રાથમિક સારવાર આપી ત્યાંથી ક્રિષ્ના હોસ્પીટલમાં વધુ સારવાર અર્થે દાખલ કરેલ આમ કરીને એકબીજાએ ગુનો કરવામાં મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સાહેબ મોરબીનાં જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કો.કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ,આરોપીઓને સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને આરોપીઓ કોર્ટમા ઉપસ્થિત થયેલ ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦પ્રમાણે આરોપીઓ ઉપર આંક–૫થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપીઓને વાંચી–સંભળાવી, આરોપીઓની સદરહું તહોમતનામા અંગે આંક–૬ થી ૧૦ નીવેદન નોધવામાં આવેલ અને જે નિવેદનમાં આરોપીઓઓને ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષનો કેસ પુરાવા ઉપર આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાની મૌખિક જાહેરાત કરેલ છે. જેથી

ઉપરોકત રજૂ થયેલ ફરીયાદપક્ષના પુરાવાને ધ્યાને રાખી ફોજદારી કાર્યરીતિ સંહીતા ૧૯૭૩ની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનો વિશેષ જવાબ નોંધવામાં આવેલ છે. જે તેમના પ્રાથમીક જવાબ સાથે કામમાં સામેલ છે.

(૪) આરોપીઓનું વિશેષ નીવેદનો નોંધતા,ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો તેમની હાજરીમાં અને સાંભળતા લેવાયો હોવાનું કબૂલ રાખેલ છે. ફરીયાદપક્ષના મૌખિક અને દસ્તાવેજી પુરાવાને નકારેલ છે. તેમને સોગંદપર મૌખિક પુરાવો આપવો નથી અને બચાવનાસાક્ષી તપાસવા નથી તથા વિશેષમાં જણાવેલ છે કે,તેઓ નિર્દોષ છે.

(૫) ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયાએ પોતાની દલીલમાં જણાવેલ છે કે આંક–૧૫થી ફરીયાદીની જુબાની નોંધવામાં આવેલ છે. આરોપી નં.૧ચાર્જફ્રેમ કરવા પહેલા મરગ ગયેલ છે અને આંક–૩થી મરણનો દાખલો રજુ કરેલ છે. બાકીના આરોપીઓ વિરુધ્ધ આંક–૫થી તહોમતનામું ફરમારવી આંક–૬થી૧૦ સુધી પ્લી લીધેલ છે અને સરતપાસમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ઈજા કરી સારવાર માટે ક્રિષ્ના હોસ્પીટલમાં લઈ ગયા અને હથિયાર ઓળખી બતાવે છે. ઉલટતપાસમાં કોઈ ડીફેન્સ નથી. ત્રીજા દીવસે ભાનમાં આવેલાનું જણાવે છે. બનાવ તા.૧૮/૧૧/૨૦૧૫ સવારના ૧૦:૩૦ વાગ્યે બનેલ છે અને ૨૦/૧૧/૧૫ના રોજ જાહેર થયેલ છે.ફરીયાદી ઉલટતપાસમાં જણાવે છે કે ભાનમાં આવ્યા બાદ ફરીયાદ આપેલ તે સિવાય કોઈ બચાવ રજુ કરેલ નથી. આંક–૧૬ ફરીયાદીના સગા ભાઈ છે કે જે બનાવ સમયે તે જ વાડીમાં થોડા દુર કપાસ વિણતા હતા અવાજ

આવ્યાબાદ આવેલ છે. આંક–૨૨ના સાહેદ ફરીયાદીના માતા થાય છે. બનાવ સમયે તેઓ ઘરે હતા અને લતાબેન ભાભી થાય છે તેઓ પણ બનાવ સમયે ઘરે હતા. આંક–૨૭થી મેડીકલ ઓફીસરને તપાસમાં આવેલ છે જેઓ ફરીયાદી સભાન અવસ્થામાં આવેલાનું જણાવે છે. અને ઈજા નં.૧થી૪ અને ૬ ગંભીર ઈજાઓ છે તથા ઈજા નં.૫ અને ૭ સામાન્ય ઈજાઓ છે તેવું પુરવાર કરેલ છે જેથી સજા કરવા વિનંતી છે.

બચાવપક્ષે પોતાની દલીલમાં વિ.વ.શ્રી. બી.ડી.ગણેશીયાએ જણાવેલ છે કે, આંક–૫ થી ચાર્જફ્રેમ કરવામાં આવેલ છે અને ચાર્જફ્રેમ મુજબ અમારી સામે ઈ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુન્હો નોંધેલ છે. આંક–૧૫થી રાજેશભાઈ મગનભાઈ પટેલ કે જેઓ ઈજા પામનાર અને ફરીયાદી છે તેમને તપાસવામાં આવેલ છે અને તેઓ ફરીયાદમાં કપાસ વિણતા હતા ત્યારે ચાર જણા આવેલા અને બોલાવેલ. ત્યાં ગયેલા તેવું જણાવે છે. જયારે સરતપાસમાં બનાવના છ થી સાત દિવસ પહેલા ધોરીયો ઉતારવા જણાવતાં તેવી હકીકત જણાવે છે. આ જોતાં ફરીયાદ અને સરતપાસમાં વિરોધાભાષ અને વિપરીત હકીકતો જણાવે છે અને અલ્પેશભાઈ આવતા ભાગી ગયેલા અને દવાખાને રોકાયેલા તેવું સરતપાસમાં જણાવે છે. જયારે ફરીયાદમાં આવી કોઈ હકીકત નથી અને ભાઈની વાડીમાં પડેલ હતા. મોરબી દવાખાને ગયા ત્યારે બેભાન હતા તે જોતાં ત્રીજા દીવસે ભાનમાં આવેલ અને હીસ્ટ્રી તેને લખાવેલ નથી. હથિયારની વિગતો ફરીયાદમાં

તેણે જણાવેલ નથી. જયારે સરતપાસમાં અને ઉલટતપાસમાં વિરોધાભાષી વાત જણાવે છે. આંક-૧૬થી તપાસવામાં આવેલ ફરીયાદીના ભાઈ થાય છે. આખા બનાવના પ્રાથમિક અહેવાલ ૧૮/૧૧ તારીખે જે હકીકત જણાવે છે તે આ કે, કે એ.એસ.આઈ. એમ.ડી.પંડયાએ ફરીયાદ લીધેલી તે. અને વાડીએ ગયેલા છેઢા પાડોશી આવેલા અને આ લોકો સાથે બોલાચાલી થઈ ઝગડો થયેલો. મોરબી સુધી પોલીસ સ્ટેશનમાં લખાવેલ ઉલટતપાસમાં બનાવના દિવસે બનાવ સ્થળે સ્થળ પર પહોંચ્યા ત્યારે ભાઈ બેભાન હતો અને પોલીસે નવી ફરીયાદ ૧૮ તારીખે જે નિવેદન લીધેલ તે નહી પરંતુ ૨૦ તારીખે નવી ફરીયાદ લીધેલી. બનાવ બન્યો ત્યારે આંક-૧૭ના મગનભાઈ હાજર ન હોય મગનભાઈ બનાવ નજરે જોનાર નથી. ઉલટતપાસમાં તે હકીકત કબુલ કરે છે અને બનાવમાં શું થયું તે કહી શકે તેમ નથી. આંક-૨૨ના સાહેદ માણેકબેન મગનભાઈ અને આંક-૧૭ના સાહેદ મગનભાઈ અને આંક-૨૨ના સાહેદનું નિવેદન બેહે બેહું લખેલ છે અને બનાવની વિગતો વાતો વાતોથી જાણેલાનું જણાવે છે. આંક-૨૪ના પંચ હોસ્ટાઈલ છે. આંક-૨૫ પંચનામું અને આંક-૨૬થી મહેશભાઈને તપાસેલ છે જે હોસ્ટાઈલ છે. આંક-૨૭થી ર્ડાકટર વિનોદભાઈ વશરામભાઈ કૈલા મોરબીના ડોકટરશ્રીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં દર્દીના સગાએ ઈજાનો ઈતિહાસ લખાવેલ અને કયા વ્યકિત દ્વારા ઈજા કરેલી તેવી વિગતો લખાવી નથી. ઈજાઓ અકસ્માતથી થઈ શકે તેવી હોવાનું જણાવેલ છે. આંક-૩૯નું અટક પંચનામું આંક-૩૮ના પંચસાહેદની જુબાનીમાં તેઓ હોસ્ટાઈલ થયેલા છે અને આંક-૩૬ના

ત.ક.અ. ફરીયાદીના સગા સિવાય ત્રાહિત વ્યકિતઓના નિવેદનો લીધેલ નથી. જાતે પંચનામા લખી લીધેલ અને પંચોની સહીઓ લીધેલ છે. અલ્પેશભાઈના લખાવ્યા સિવાયનો આખો બનાવ શંકાના ડાયરામાં હોય આંક–૩૭નું જાહેરનામું પુરવાર કરેલ નથી અને તપાસ કરનાર અધિકારીઓએ આરોપીઓ વિરુધ્ધ પુરાવો ન હોવાછતાં પણ ખોટું ચાર્જશીટ કરેલ હોય અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરતી દલીલ કરેલ છે.

(૬) ઉપરોકત તમામ સંજોગોમાં કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૮/૧૧/૧૫નાં રોજ ક.૧૦:૩૦વાગે ઈશ્વરનગર ગામની સીમમાં આરોપીને ફરીયાદીએ પાણીનો ધોરીયો રીપેર કરવાનું કહેતા બોલાચાલી કરી, આરોપી નં.૧નાએ પોતાના હાથમાં રહેલ સોરીયાનો એક ઘા ફરીયાદીના માથામાં મારેલ જેથી ફરીયાદીના માથાના ભાગે જમણા કાનના પાછળના ભાગે લાગેલ અને લોહી નીકળવા લાગતા ફરીયાદી ત્યાં પડી જતાં ઠાકરશી લાલજીએ તેના હાથમાં રહેલ પાવડાનો ઉંધો એક ઘા માથામાં મારતા માથાના ઉપરના ભાગે લાગેલ અને ચુનીભાઈ ભુરાભાઈએ તેના હાથમાં રહેલ લાકડી વતી ફરીયાદીને આડેધડ માર મારેલ અને મહીપતભાઈના હાથમાં ખુલ્લી છરી હતી તેનાથી મારવા જતા પડખુ ફરતા જમણા હાથની કોણી પાસે સરકો થયેલ અને આ વખતે ફરીયાદી રાડો પાડતા આ ચારેય જણા તેના

હાથમાં રહેલ હથિયારો લઈને તેની વાડી તરફ જતા રહેલ અને જતા જતાં કહેલ કે ધોરીયો રીપેર કરવાનું કયારેય અમોને કહેતો નહી નહીંતર તને મારી નાખવો પડશે તેવી ધમકી આપી જતાં રહેલ, આ લોકોના કુટુંબી સંજય દેવજી તથા ધીરુભાઈ દેવજીભાઈ બને ભાઈઓ હાથમાં લાકડીઓ લઈને આવી ફરીયાદીને આડેધડ લાકડી વતી મારવા લાગતા ફરીયાદીને મુંઢ ઈજાઓ થયેલી તે વખતે ફરીયાદીનો ભાઈ રાડો સાંભળી તથા બાજુની વાડી વાળા મજુરો માવસિંગભાઈ એમ બન્ને જણા આવી જતા આ બન્ને પણ ગાળો બોલતા ત્યાંથી જતા રહેલ આ પછી ફરીયાદીને માથામાં લાગેલ હોય લોહી નીકળતું હોય જેથી ફરીયાદીના ભાઈના મો.સા.માં ભાઈ તથા માવસિંગ બન્ને ઘરે લઈ આવેલ. ઘરે બધાને વાત કરી ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી આવી જતા ફરીયાદીનો ભાઈ તથા બાપુજી તથા કુટુંબીજનો હળવદ સરકારી દવાખાનામાં લઈ ગયેલ અને ત્યાં પ્રાથમિક સારવાર આપી ત્યાંથી ક્રિષ્ના હોસ્પીટલમાં વધુ સારવાર અર્થે દાખલ કરેલ આમ કરીને એકબીજાએ ગુનો કરવામાં મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સાહેબ મોરબીનાં જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કો.કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**<u>–:: કારણો ::–</u>**

***<u>મુદ્દા નંબર–૧ તથા ૨ અંગે :–</u>***

(૯.૧) આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપીઓ વિરુધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી આધારોનું પુરાવાની દૃષ્ટ્રિએ નીચે મુજબનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૯.૨) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૧૫થી ફરીયાદી રાજેશભાઈ મગનભાઈ પટેલનાઓએ સોગંદઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ ૧૮/૧૧/૧૫નાં રોજ બનેલો. બનાવ સમયે સવારે સાડા દસવાગેના અરસામાં હું અને મારો ભાઈ અલ્પેશ ઉમીયાનગરની વેળાપરમાં આવેલ વાડીમાં કપાસ વીણતા હતા.બનાવનાં છ સાત દીવસ પહેલા ધીરુભાઈ, ઠાકરશીભાઈ, ચુનીભાઈ અને બીજા એક જેનું નામ મને આવડતુ નથી, તેઓ કેનાલનો ધોરીયો સાફ કરવા આવેલા તો મે તેમણે કહેલ કે ધોરીયો ઉડો ઉતારો તો અમારે પાણી આવે નહી. તો ધીરુભાઈ કહેવા લાગેલ ઉડો નહી ઉતરે તારાથી થાય તે કરી લે. જેથી મે ધોરીયો થોડો બુરી દીધેલો.૧૮ તારીખે હું કપાસ વીણતો હતો ત્યારે સાડા દસવાગે મહીપતભાઈ, ઠાકરશીભાઈ, સંજય, જીલુ, લાલજી, ચુનીલાલ એ રીતના છ જણા આવેલા. લાલજીભાઈ

ગંગારામભાઈનાં હાથમાં સોરીયુ હતુ. ઠાકરશીભાઈ લાલજીભાઈનાં હાથમાં પાવડો હતો, મહીપત ભુરાના હાથમાં છરી, ચુનીલાલ ભુરાના હાથમાં લાકડી, સંજય દેવજીભાઈના હાથમાં લાકડી, ઘીરુભાઈ દેવજીભાઈ કોળીનાં હાથમાં લાકડી હતુ. તેઓ આવીને મને સીઘુ મારવા લાગેલા.લાલાભાઈએ માથા પર જમણી બાજુ સોરીયુ મારેલુ, ઠાકરશીએ ઉઘો પાવડો ડાબી આંખી ઉપર કપાળના ભાગે મારેલ, મહીપતભાઈએ છરી વડે ડાબા હાથે ચેકા મારેલા. ઘીરુભાઈ, સંજયભાઈ અને ચુનીભાઈએ તેમના હાથમાંની લાકડી વડે મને આડેઘડ મારવા લાગેલા. દરમ્યાન મારો ભાઈ અલ્પેશ આવતા આ લોકો ભાગી ગયેલા. મારા ભાઈએ ૧૦૮ બોલાવી મને હળવદ સરકારી દવાખાને લઈ ગયેલા. ત્યાંથી વઘુ સારવાર માટે મોરબી લઈ ગયેલા. મોરબી દવાખાનામાં પોલીસ આવતા મે ફરીયાદ આપેલી. હું ત્રણ ચાર દીવસ મોરબી દવાખાને રહેલો. હળવદથી મને તાત્કાલીક વઘુ સારવાર માટે મોરબી મોકલી આપેલો. આ સીવાય આ લોકોએ બીજુ કાંઈ કહેલ નહી. મને એક અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છું રજુ દાખલ આંક–૧૫એ આપવામાં આવેલ છે. આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે. સાહેદ આરોપી તરફ હાથના ઈશારા સાચી રીતે ઓળખી બતાવે છે. મને મુદમાલ પાવતી નં.૧૦૨/૧૫નું આર્ટીકલ નં.૧ બતાવામાં આવે છે જે સોરીયુ છે જે બનાવ સમયે લાલાભાઈનાં હાથમાં હતું જેના વડે મને માથામાં મારેલું. આર્ટીકલ નં.૨ બતાવામાં આવે છે જે પાવડો છે જે બનાવ સમયે ઠાકરશીભાઈના હાથમાં હતું જેના વડે મને ડાબી બાજુ કપાળ પર મારેલું. આર્ટીકલ નં.૩ બતાવામાં આવે છે જે લાકડી

છે જે બનાવ સમયે ચુનીભાઈના હાથમાં હતું જેના વડે મને શરીર પર આડેધડ મારેલું. આર્ટીકલ નં.૫ બતાવામાં આવે છે જે લાકડી છે જે બનાવ સમયે ધીરુભાઈના હાથમાં હતું જેના વડે મને શરીર પર આડેધડ મારેલું. આર્ટીકલ નં.૬ બતાવામાં આવે છે જે લાકડી છે જે બનાવ સમયે સંજયભાઈનાં હાથમાં હતું જેના વડે મને શરીર પર આડેધડ મારેલું. આર્ટીકલ નં.૭ બતાવામાં આવે છે જે છરી છે જે બનાવ સમયે મહીપતભાઈનાં હાથમાં હતી જેના વડે મને હાથ પર મારેલું.

ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,એ વાત ખરી છે કે કેનાલથી ધોરીયો શરુ થાય ત્યાથી પુરો થાય ત્યાં સુધી ઘણા બધા ખેતરો આવે. એ વાત ખરી છે કે ધોરીયો જયાં છીછરો હોય ત્યાં પાણી ઉભરાય અને ઉડો હોય ત્યાં પાણી આગળ ચાલુ જાય. એ વાત ખરી છે કે જયાં ધોરીયો સીસરો હોય ત્યાં પાણી સલકાઈ જવાના કારણે આગળ આવતા ખેતરમાં પાણી ઓછુ પહોચે. એ વાત ખરી છે કે છીસરો ધોરીયો હોય ત્યાથી આગળના ખેતરવાળાઓએ ધોરીયો ઉડો કરવો પડે. એ વાત ખરી છે કે કેનાલના ધોરીયામાંથી અમારા ખેતરમાં પાણી ઓછુ આવતુ હોય તો આગળ જયાં ધોરીયો છીછરો હોય ત્યા ઉડો કરવો પડે. એ વાત ખરી છે કે કેનાલમાંથી પાણી લેતા બધા ખેડુતોને ધોરીયાનું સાફ સફાઈ અને લેવલ કરવું પડે. મારા ખેતરથી ધોરીયો આગળ ચાલતા બીજા ૫૦ જેટલા ખેડુતોના ખેતર આવે. એ વાત ખરી છે કે અમે અમારા ખેતરમાં ધોરીયો પુરી દઈએ તો આગળના ખેડુતોને પાણી પહોચે નહી. એ વાત ખરી છે કે આગળના પચાસ ખેડુતોના નામ મને આવડતા નથી. એ વાત ખરી છે કે હું મારા ખેતરની બહાર પડેલ હતો ત્યાં મારો ભાઈ

આવેલો. ઈશ્વરનગરથી ચરાડવા આઠ કી.મી. દુર આવેલ છે અને હળવદ–૧૬ કી.મી. દુર છે. એ વાત ખરી છે કે મને સૌ પહેલા હળવદ સરકારી દવાખાને લઈ ગયેલા. જયા મને અડધો કલાક જેટલી સારવાર આપેલી. એ વાત ખરી છે કે હળવદ સરકારી દવાખાને મે ડોકટરને મે બનાવ અંગે કાંઈ જણાવેલ નહી. એ વાત ખરી છે કે તે સમયે અમે હળવદ પોલીસસ્ટેશને જઈને જાણ કરેલ નહી. એ વાત ખરી છે કે મારા અને મારા ભાઈ પાસે મોબાઈલ છે. મારા મો.નં.૯૯૭૯૪ ૯૧૪૦૫ અને મારા ભાઈનો નંબર ૯૪૨૮૫ ૭૧૮૨૪ છે. એ વાત ખરી છે કે મે કે મારા ભાઈએ ચરાડવા પોલીસ ચોકીએ રૂબરૂ માણસ મોકલીને બનાવ અગે કોઈ જાણ કરેલ નથી. હું મોરબી દવાખાને ગયો ત્યારે બેભાન હતો. એ વાત ખરી છે કે મને જે જગ્યાએથી વાગેલું ત્યાંથી મોરબી દવાખાને પહોચ્યાં ત્યાં સુધી બેભાન હતો. મોરબી દવાખાને ત્રીજા દીવસે ભાનમા આવેલો. એ વાત ખરી છે કે હું બેભાન હતો ત્યાં સુધી બનાવ અંગે બીજા કોઈને કે ડોકટરને કોઈ હકીકત જણાવેલ નહી. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ મે ખોટી ફરીયાદ આપેલ છે. એ વાત ખરી નથી કે લાલજીભાઈએ સોરીયા વડે માથમાં, ઠાકરશીભાઈએ ઉંધા પાવડા વડે આંખથી ઉપર, મહીપતભાઈએ છરી વડે હાથ પર અને સંજય, ધીરુ અને ચુનીએ લાકડી વડે મારેલ હોવાની હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે ખોટી ફરીયાદ આપેલ હોય તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છે.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૧૬થી સાહેદ અલ્પેશભાઈ મગનભાઈ નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની

જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,બનાવ તા ૧૮/૧૧/૧૫નાં રોજ હું અને મારો ભાઈ રાજેશભાઈ સુસવાવની સીમમા આવેલ અમારી વાળીમા ગયેલા. તે સમયે હુ અને મારો ભાઈ કપાસ વીણતા હતા ત્યારે લાલજીભાઈ તથા ઠાકરશીભાઈ તથા ચુનીલાલ ભુરા, મહીપત ભુરા, સંજય દેવજી, ધીરુ દેવજી, આવેલા. જેમા લાલજીભાઈના હાથમા સોરીયુ, ઠાકરશીભાઈના હાથમા પાવડો, મહીપતના હાથમા છરી, ચુનીલાલના હાથમા લાકડી, અને ધીરુભાઈના હાથમા લાકડી હતી. મારા ભાઈ રાજેશને કેનાલ બાજુમા રસ્તો છે ત્યાં બોલાવેલ. ધોરીયા બાબતે બોલાચાલી કરવા લાગેલા અને આ બધા ગાળો આપવા લાગેલા. મારા ભાઈને લાલજી ગંગારામે સોરીયુ માથામા મારેલ જેથી મારો ભાઈ પડી ગયેલ. ઠાકરશી લાલજીએ પાવડો મારેલ. મહીપતભાઈએ હાથમા છરી વડે ચેકા કરેલા.સંજય ભુરા અને ધીરુ દેવજી લાકડી વડે આડે ધડ ધા કરવા લાગેલા.હું દોડોદોડ ત્યાં જતા તેઓ ભાગી ગયેલા.હુ મારા ભાઈને બાઈક ઉપર ઘરે લઈ ગયેલ. મે ૧૦૮ને ફોન કરેલ. મારા ભાઈને સારવાર માટે હળવદ સારવાર માટે લાવેલા. જયાં સરકારી દવાખાનામા બે કલાક સારવાર આપી વધુ સારવાર માટે મોરબી ક્રિષ્ના હોસ્પીટલ લઈ ગયેલા. આરોપીઓને અમે ધોરીયો રીપેર કરી પાણી ખેચવાનુ કહ્યુ જેથી તેઓએ આ હુમલો કરેલ. આરોપીઓ આજ રોજ હાજર છે તે જ છે. સાહેદ આરોપીઓ તરફ ઈસારાથી સાચી રીતે ઓળખી બતાવે છે. બનાવ અંગે પોલીસે મારી પુછપરછ કરેલ.

ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,એ વાત ખરી છે કે અમારી વાડીની બાજુમાંથી ધોરીયો નીકળે છે. એ વાત ખરી

છે કે આ ધોરીયો અમારા ગામની સીમથી આગળ બીજા ખેતરમાં જાય છે. મારા ખેતરથી લાલજી ભાઈનું ખેતર પંદરસો ફુટ જેટલુ દુર છે. એ વાત ખરી છે કે આરોપીઓને બનાવ પહેલાથી ઓળખુ છુ. હું બનાવના દીવસે સવારે સાડા આઠે વાડીએ ગયેલા. બનાવ સાડા દશ વાગે બનેલો. એ વાત ખરી છે કે બનાવ સમયે હું બનાવ સ્થળે હાજર ન હતો સાહેદ જણાવે છે હું થોડો દુર હતો. એ વાત ખરી છે કે હું દેકારો સાંભળી બનાવ સ્થળે જતા આ લોકો ભાગી ગયેલા. એ વાત ખરી છે કે બનાવ બાદ હું સ્થળે પોહચેલ હોય બનાવ શુ બનેલ તે મે જોયેલ નહી. એ વાત ખરી નથી કે પોલીસ નીવેદનમાં આરોપીના હાથમા હથીયાર હોવાની હકીકત લખાવેલ નથી. હું સ્થળ ઉપર પહોચયો ત્યારે રાજેશભાઈ બેભાન અવસ્થામા હતા. એ વાત ખરી છે કે મારાભાઈ બે દીવસ પછી ભાનમા આવેલ. એ વાત ખરી છે કે મારા ભાઈ કિષ્ના હોસ્પીટલમાં ભાનમા આવ્યા ત્યા સુધી બીજી કોઈ વાત થઈ ન હતી. સાહેદ સ્વેછાયે જણાવે છે કે હળવદ દવાખાને આવ્યા તયારે થોડો ભાનમા હતો ત્યા તેની સાથે વાતચીત થયેલ. એ વાત ખરી નથી કે પોલીસે કઈ તારીખે મારુ નીવેદન લીધેલ તે કહી શકુ નહી. પોલીસે તા.૧૮/૧૧/૧૫ના રોજ મારુ નીવેદન નોધેલ. એ વાત ખરી નથી કે ત્યારબાદ પોલીસે કયારેય મારુ નીવેદન નોધેલ નથી. પોલીસે તા.૨૦/૧૧/૧૫ના રોજ મારુ નીવેદન નોધેલ. એ વાત ખરી નથી કે પોલીસે ફકત મારુ નામઠામ નોધેલુ. એ વાત ખરી નથી કે હુ જણાવુ છું તેવો કોઈ બનાવ ન બનેલ હોવા છતાં ફરીયાદી મારા ભાઈ થતા હોય તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છું.

(૯.૪) ફરીયાદપક્ષે આંક–૧૭થી સાહેદ મગનભાઈ જીવાભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,બનાવ આશરે અઢી વર્ષ પહેલા રાણાસરની વાળીએ બનેલો. તે સમયે હું મારા ઘરે હતો. અમારા બંન્ને છોકરા ઘરે આવ્યા પછી બનાવની જાણ કરેલી. મારા મોટા છોકરા રાજુભાઈને વાગેલ હતુ. મારા છોકરાએ મને કહેલ કે લાલજીભાઈ અને બીજા પાંચ જણાએ સોરીયા અને પાવડા વળે રાજેશને મારેલે. મારા છોકરાને દશ વાગે હળવદ લઈ ગયેલા. હળવદથી બીજે કયા લઈ ગયેલા તેની મને ખબર નથી. બનાવ અંગે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નહી. આરોપી ઠાકરશી લાલજીને જોયેથી ઓળખી શકુ જે આજરોજ કોટમાં હાજર છે તે જ છે.

ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,એ વાત ખરી છે કે મારી અને લાલજીભાઈની વાડી પડખે પડખે આવેલ છે. એ વાત ખરી છે કે બનાવ પહેલાથી આરોપીઓને ઓળખુ છુ. એ વાત ખરી છે કે બનાવ સમયે હુ હાજર ન હોય બનાવમા શું બનેલ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે રાજેશને દવાખાને લઈ ગયા ત્યારે તે બે ભાન હતો કઈ બોલતો ન હતો. એ વાત ખરી છે કે બનાવ અંગેની મને કોઈ જાત માહીતી નથી, મને બીજા દ્વારા જાણવા મળેલ. રાજેશભાઈ કેટલા દીવશે ભાનમા આવેલ તે મને ખબર નથી. તે વાત ખરી નથી કે ફરીયાદી મારા છોકરો થતો હોય તેની ખોટી જુબાની આપુ છુ.

(૯.૫) ફરીયાદપક્ષે આંક–૨૨થી સાહેદ માણેકબેન મગનભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ

ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,બનાવ તા.૧૮/૧૧/૧૫ના રોજ બનેલો. તે સમયે હું મારા ઘરે હતા. સવારે આઠ વાગે મારા દીકરા રાજેશ અને અલ્પેશનાઓ રાણાસરી નામની સીમ જમીનમાં કપાસ વીણવા માટે ગયેલા. અગીયાર વાગેનાં અરસમાં અલ્પેશ મોટરસાયકલ લઈને ઘરે આવેલો અને રાજેશને લઈ આવેલો. તેને અમે જોયુ તો માથામાં વાગેલ હતુ અને લોહી નીકળતુ હતુ. અમે અલ્પેશને પુછતા તેણે જણાવેલ કે ધોરીયા બાબતે બોલચાલી થયેલ છે અને જણાવેલ કે લાલજીભાઈ સાથે બોલાચાલી થયેલ છે બીજા નામ અમે પુછેલ ન હોય અમને ખબર નથી. આ સીવાય અલ્પેશે અમને બીજી કાંઈ કહેલ નહી. પછી રાજેશને ૧૦૮માં હળવદ દવાખાને લઈ ગયેલા અને મોરબી ક્રિષ્નાં હોસ્પીટલમાં લઈ ગયેલા. બનાવ બાબતનું કારણ ધોરીયા બાબતનું હોવાનુ અલ્પેશે કહેલુ. પોલીસે મારી પુછપરછ કરેલી. આ સીવાય બીજુ હું કાંઈ જાણતી નથી.

ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,એ વાત ખરી છે કે બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતી.એ વાત ખરી છે કે બનાવ કેવી રીતે બન્યો અને કોની સાથે બનેલ તે હું કહી શકુ નહી. એ વાત ખરી નથી કે તે સમયે રાજેશ અમારા સવાલોનાં જવાબ આપી શકે તેવી સ્થીતીમાં હતો. એ વાત ખરી નથી કે પોલીસને મે કોઈ નીવેદન લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવ અંગે રાજેશને પુછતાં રાજેશે અમને કંઈ કહેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે મો.સા.રાજેશ ચલાવીને લાવેલો. એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ ન હોય રાજેશ થયેલ ઈજા કેવી રીતે થયેલી તે હું કહી શકુ

નહી. એ વાત ખરી નથી કે મારા પોલીસ નીવેદનમાં લખાવેલ આરોપીનાં નામ ખોટા લખાવેલ છે. એ વાત ખરી છે કે એક સો આઠ વાહન સ્થળ પર આવેલ હોવાનું મારા જવાબમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે કયા મો.નં. ઉપરથી એકસો આઠને ફોન કરેલ તે હું કહી શકુ નહી. એ વાતની મને ખબર નથી કે બાજુની વાડીવાળા સાથે બનાવ પહેલા સારો સંબંધ હતો. એ વાત ખરી નથી કે રાજેશ મારો દીકરો હોય ખોટી જુબાની આપુ છુ.

(૯.૬) ફરીયાદપક્ષે આંક–૨૩થી સાહેદ લતાબેન અલ્પેશભાઈ નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,બનાવ તા.૧૮/૧૧/૧૫નાં રોજ બનેલો. તે સમયે હું મારા ઘરે હતા. સવારે આઠ વાગે મારા જેઠ રાજેશ અને મારા પતિ અલ્પેશનાઓ રાણાસરી નામની સીમ જમીનમાં કપાસ વીણવા માટે ગયેલા. અગીયાર વાગેના અરસામાં અલ્પેશ મો.સા. લઈને ઘરે આવેલો અને રાજેશને લઈ આવેલો. તેને અમે જોયુ તો રાજેશભાઈને માથામાં વાગેલ હતુ અને લોહી નીકળતુ હતુ. અમે અલ્પેશને પુછતા તેણે જણાવેલ કે ધોરીયા બાબતે બોલચાલ થયેલ છે.અને જણાવેલ કે લાલજીભાઈ સાથે બોલાચાલી થયેલ છે બીજા નામ અમે પુછેલ ન હોય અમને ખબર નથી. આ સીવાય અલ્પેશે અમને બીજી કાંઈ કહેલ નહી.પછી રાજેશને ૧૦૮માં હળવદ દવાખાને લઈ ગયેલા અને મોરબી ક્રીષ્ના હોસ્પીટલમાં લઈ ગયેલા. બનાવ બાબતનું કારણ ધોરીયા બાબતનું હોવાનુ અલ્પેશે કહેલુ. પોલીસે મારી પુછપરછ કરેલી. આ સીવાય બીજુ હું કાંઈ જાણતી નથી.

ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,એ વાત ખરી છે કે બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતી. એ વાત ખરી છે કે બનાવ વીશે વાતોવાતથી જાણેલુ. એ વાત ખરી છે કે બનાવ કેવી રીતે બન્યો અને કોની સાથે બનેલ તે હું કહી શકુ નહી. એ વાત ખરી નથી કે બાઈક પર અલ્પેશ અને રાજેશ બે જણ જ આવેલા. એ વાત ખરી છે કે પોલીસે શું લખેલ તે મને ખબર નથી. એ વાત ખરી છે કે પોલીસ મને નીવેદન વાંચી સંભળાવેલ નહી. એ વાત ખરી છે કે રાજેશભાઈ મારા સગા જેઠ થાય છે. એ વાત ખરી નથી કે રાજેશ મારો જેઠ હોય ખોટી જુબાની આપુ છુ.

(૯.૭) ફરીયાદપક્ષે આંક–૨૪થી પંચસાહેદ પ્રભુભાઈ આંબાભાઈ કાલરીયાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,આસરે ત્રણેક વર્ષ પહેલા રાજુભાઈને મારેલ હતુ તે બાબતે પંચનામું કરવા પોલીસ સાથે ગયેલો. પંચનામુ કેનાલ ઉપર કરેલું, બનાવવાળી જગ્યા મગનભાઈ પટેલે ઓળખી બતાવેલી. મે પોલીસને શું લખાવેલ તે મને ખબર નથી. અમે કઈ લખાવેલુ નહી પોલીસે સહી કરવાનું કહેતા અમે સહી કરેલી. મે સહી કરતા સમયે શું લખાણ હતુ તે વાચેલુ નહી અને પોલીસે પણ વાંચી સંભળાવેલ નહી. મને પંચનામુ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં પંચ–ર તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવું છું, જેને રજુ દાખલ આંક–૨૫ આપવામાં આવે છે.

(૯.૮) ફરીયાદપક્ષે આંક–૨૬થી પંચસાહેદ મહેશભાઈ પોલજીભાઈ કાચરોલાનાઓને તપાસવામાં આવેલ

છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,તા.૧૮/૧૧/૨૦૧૫ના રોજ દશથી અગ્યાર વાગ્યાના અરસામાં સુસવાવ ગામની રામજીભાઈ લક્ષમણભાઈની કડીયાણાથી ઈશ્વરનગરના રસ્તા ઉપર આવેલી વાડીએ પોલીસે પંચનામુ કરવા બોલાવતા અમો ગયેલા. પાણીના ધોરીયા બાબતે રાજેશભાઈ અને લાલજીભાઈની વચ્ચે થયેલ ઝગડાનું પંચનામુ હતું. પોલીસને અમે બનાવવાળી જગ્યા બતાવેલી. પોલીસે અમને બાજુની વાડી કોની છે તે બાબતે પુછતા અમોએ લખાવેલુ, બનાવવાળી જગ્યાની આથમણે ખરાબો અને ઉગમણે રામજીભાઈ લક્ષમણભાઈની વાડી હોવાનું લખાવેલુ. આ સીવાય બીજુ કઈ લખાવેલુ નહી.

ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,તે વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની બાજુમાં મારી વાડી આવેલ છે. તે વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની આસપાસ શું આવેલ છે તેની મને પહેલાથી ખબર છે. તે વાત ખરી છે કેબનાવ વાળી જગ્યાએ કોઈ લોહીના નીશાન કે અન્ય કોઈ હકીકત અમોને જોવા મળેલી નહી. તે વાત ખરી છે કે પંચનામું પોલીસે તેમની રીતે લખી લઈ મારી સહી લીધેલી. તે વાતની મને ખબર નથી કે પંચનામાની બધી હકીકત લખાવી શકુ કે કેમ.

(૯.૯) ફરીયાદપક્ષે આંક-૨૭થી સાહેદ ડો.વિનોદભાઈ વશરામભાઈ કૈલાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,હું તા.૧૮/૧૧/૧૫નાં રોજ બપોરે ૩:૧૫મીનીટે ક્રિષ્ના મલ્ટીસ્પેશીયલીટી હોસ્પીટલ,મોરબી

ખાતે ઈમરજન્સી વિભાગમાં ફરજ પર હતો દર્દી રાજેશાભાઈ મગનભાઈ વાગડીયા ઉ.વ.૩૬ વર્ષ મારામારીનાં બનાવનાં ઈતિહાસ સાથે સારવાર માટે અને તેમને અલ્પેશભાઈ મગનભાઈ વાઘડીયા જે દર્દીનાં ભાઈ હોવાનું જણાવેલ અને દર્દીને સારવાર માટે લઈને આવેલા અને મારીમારીનો બનાવ સુસવાવ ગામની સીમમા અને સુસવાવ અને કડીયાણા ગામની વચ્ચે તા.૧૮/૧૧/૧૫નાં સવારનાં ૧૦:૪૫વાગ્યે થયેલ હોવાનુ જણાવેલ. દર્દીએ તેમને ધારીયા,ત્રીકમ અને કોદારી વડે હુમલો કરેલ હોવાનુ જણાવેલ. આગળ તે સભાન અવસ્થામાં હતાં તેમને તપાસતા નીચે મુજબની ઈજા જણાયેલ. ઈજા નં.૧.ખોપરીના જમણી બાજુનાં ઉપરના ભાગમા ૫ બાય ૧ બાય ૧ સે.મી.નો ખુલ્લો ઘા ઈજા નં.૨.ખોપરીનાં જમણી બાજુનાં પાછળનાં ભાગમાં ૪બાય ૧બાય ૧સે.મીનો ખુલ્લો ઘા હતો. ઈજા નં.૩ ખોપરીનાં જમણી બાજુનાં હાડકાનું ફ્રેકચર હતુ. ઈજા ન.૪. મગજમાં જમણી બાજુનાં ભાગમાં ચાર એમ.એમનું હેમરેજ હતુ. ઈજા ન.૫. માથાનાં આગળનાં ભાગમાં કપાળની જમણી બાજુ ૩ સે.મી.નો ઉજરડો હતો. ઈજા નં.૬ ડાબી બાજુની ૮, ૧૦, અને ૧૧ની પાસડીમાં ફ્રેકચર હતુ. ઈજા નં.૭ ડાબી બાજુનાં હાથમા કોણી અને કાંડાની વચ્ચે ૩ બાય ૦.૫ સેમીનો ઉજરડો હતો. ત્યારબાદ દર્દીને અંદરનાં દર્દી તરીકે દાખલ કરી અને સારવાર આપેલ અને સારવાર પુરી થતા તા.૨૧/૧૧/૧૫ના સમયે સાંજનાં ૫:૩૦રજા આપેલ. શરીરનાં હાથનાં ભાગનું એકસ–રે કરાવામાં આવેલ અને મગજનાં ભાગનુ સીટીસ્કેન કરાવામા આવેલ. જે રીપોર્ટ તથા એકસ–રે ફીલ્મ રજુ કરતા જેને રજુ આંક–૨૮ થી આંક–૩૦ આપવામાં આવેલ છે. આ દર્દીનું અસલ કેસ

પેપર તથા એમ.એલ.સી. રજુ દાખલ આંક–૩૧થી આંક–૩ર આપવામાં આવેલ છે. આ દર્દીનું પ્રાથમીક સારવાર હળવદ સી.એચ.સી.માં કરવામાં આવેલ. ત્યારબાદ અમારી હોસ્પીટલમાં રીફર કરવામા આવેલ જે રીફર નોટ રજુ દાખલ આંક–૩૩ આપવામાં આવેલ છે. આ દર્દીને થયેલ ઈજા નં.૧થી ૪ અને ઈજા નં.૬ ગંભીર પ્રકારની ઈજા હતી. ઈજા નં.પ અને ૭ સામાન્ય પ્રકારની ઈજા હતી. દર્દીને જણાયેલ ઈજા જો કોઈ વિકૃતીનાં હોય તો ૧ માસમાં રુઝ આવી શકે એવી હતી. આ ઈજાઓ ધારીયા, ત્રીકમ, કોદારી જેવા હથીયારથી થઈ શકે એવી હતી.

ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,એ વાત ખરી નથી કે ઈજા પામનાર મારી સમક્ષ લાવવામાં આવ્યા ત્યારે બેભાન અવસ્થામાં હતા. એ વાત ખરી છે કે દર્દીની ઈજાનો ઈતિહાસ દર્દીના સગા અલ્પેશભાઈએ લખાવેલ. એ વાત ખરી છે કે ઈજાના ઈતિહાસમાં કયાં વ્યકિતએ કયાં હથીયારથી ઈજા કરેલ તે લખાવેલ નથી. એ વાત ખરી છે કે ઈજા નં.૧થી ૪ની ઈજા અકસ્માતથી પણ થઈ શકે તેવી હતી. એ વાત ખરી છે કે ઈજા નં.૬ ઉચાઈએથી પડી જવાથી થઈ શકે. એ વાત ખરી છે કે ઈજાનો ઈતિહાસ રાજેશભાઈએ લખાવેલ હોય તેવુ બનેલ નથી.

**(૯.૧૦)** ફરીયાદપક્ષે આંક–૩૬થી ત.ક.અ. હર્ષદરાય વ્રજલાલ વાઘેલાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ગઈ તા.ર૦/૧૧/૧પના રોજ અમો હળવદ પોસ્ટે એએસઆઈ તરીકે ફરજ બજાવતા હતા જે દરમયાન હવળદ પોસ્ટે સ્ટેડા એન્ટ્રી નં.૧ર/૧પ તા.૧૮/૧૧/૧પનાં કામે મારામારીનાં બનાવ અંગેની જાહેરાતની તપાસ અમોને સોપતા આ

કામે ઈજા પામનાર રાજેશ મગનભાઈ રહે.ઈશ્વરનગરવાળા મોરબી કીષ્ના હોસ્પીટલમાં સારવારમાં હોય તેવોની અમારી રુબરુની વીગતવારની ફરીયાદ લઈ મોરબીથી હળવદ આવી હળવદ પોસ્ટેનાં પીઅસેઓ એમ.પી.રાવલને ગુનો રજી કરવા આપતા તેઓએ ફર્સ્ટ ૧૪૯/૧૫ આઈપીસી કલમ–૩૨૩, ૩૨૪ વીગેરેની મુજબ ગુનો રજી કરી આગળની તપાસ અમોને સોપતા આ કામે નજરે જોયેલ સાહેદ તથા લાગતા વળગતા સાહેદોનાં નીવેદનો લઈ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ગુના કામે આરોપીને અટક કરી તેઓએ બનાવમાં ઉપયોગ કરેલ હથીયાર કબજે કરેલ. ત્યારબાદ અમોએ મેડીકલ સર્ટી મેળવેલ અને ફરીયાદીને માથાનાં ભાગે ગંભીર ઈજાઓ હોય આઈપીસી ક.૩૨૫, ૩૨૬નો ઉમેરો કરવા માટેનો રીપોર્ટ આપેલ. બનાવ તારીખ અને સમયનો જી.મેજી.મોરબીનું હથીયાર અંગેનું જાહેરનામું અમલમાં હોય જેની નકલ મેળવી આ કામે રજુ કરેલ જે રજુ દાખલ આંક–૩૭ આપવામાં આવેલ છે. મને આંક–૨૫નું બનાવવાળી જગ્યાનું પંચનામુ બતાવામા આવે છે જે પંચોનાં લખાવેલ મુજબ લખી લઈ તેમા પંચોની સહી લઈ અમોએ રુબરુ તરીકે સહી કરેલ. જે ઓળખી બતાવુ છુ. આરોપીઓ હથીયાર સાથે રજુ રાખેલ પછી હથીયાર પંચનામાની વિગતે કબજે લીધેલ. આરોપીઓને આ અટક પંચનામાની વિગતે અટક કરેલ જેમાં રુબરી તરીકે મારી સહી છે. જે રજુ દાખલ આંક–૩૮ આપવામાં આવેલ છે. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. આરોપી કોર્ટમાં હાજર છે જે એ જ છે.

ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,એ વાત ખરી નથી કે તા.૨૦/૧૧/૧૫નાં રોજ ફરીયાદીએ લેખીતમાં ફરીયાદ આપેલી.

એ વાત ખરી નથી કે ફરીયાદીની ફરીયાદ લેવા કીષ્ના હોસ્પીટલ મોરબી ગયા ત્યારે ફરીયાદીનાં સગા ત્યા હાજર હતા. એ વાત ખરી નથી કે ફરીયાદની વિગત રાજેશભાઈના ભાઈએ લખાવેલ. એ વાત ખરી નથી કે ફરીયાદ સમયે ફરીયાદી સંપૂર્ણ ભાનમાં ન હતા. એ વાત ખરી નથી કે મે ફરીયાદ મારી રીતે લખી લઈ ફરીયાદીની ફકત સહી લીધેલ. એ વાત ખરી નથી કે સ્થાનીક જગ્યાના પંચોનાં નામ લખી તૈયાર પંચનામામાં સહી લીધેલ. એ વાત ખરી નથી કે પંચનામામાં પંચોની પાછળથી સહી લેવામા આવેલ. એ વાત ખરી છે કે ફરીયાદીનાં સગાવાલા સીવાય અન્ય કોઈનાં નીવેદન નોધેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓએ કોઈ મુદામાલ હથીયાર રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે અમોએ બજારમાંથી હથીયાર ખરીદી મુદામાલ રજુ રાખેલ છે. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા અમારી સારી કામગીરી બતાવા માટે ખોટુ ચાર્જશીટ કરેલ.

**(૯.૧૧)** ફરીયાદપક્ષે આંક–૩૯થી પંચસાહેદ રામજીભાઈ છગનભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,આશરે ત્રણ વર્ષ પહેલા હળવદ પોલીસસ્ટેશનમાં પોલીસે મારી સહી લીધેલી. તેમાં શું લખેલ તે મે પુછેલ નહી. પોલીસને મે કોઈ હકીકત લખાવેલ હોય તેવુ બનેલ નહી. મારી રુબરુમાં પોલીસે કોઈ આરોપીને અટક કરેલ હોય તેવુ બનેલુ નહી.મને આંક–૩૮નું પંચનામુ બતાવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ.

(૧૦) ઉપરોકત તમામ પુરાવાઓ વંચાણે લઈ કેસનું મુલ્યાંકન કરવામાં આવે તો, ઉપરોકત પુરાવાની તમામ સાહેદોની હકીકત સ્વતંત્ર રીતે તથા તમામ પુરાવો સમગ્રરીતે મુલવતા આ કામે મહત્વની શંકાઓ રહેલ છે. ફરીયાદપક્ષ ધ્વારા તેમના પુરાવાના સમગ્ર તબકકા દરમ્યાન સમગ્ર શંકાઓ દુર કરવામાં આવેલ નથી. ઉપરોકત તમામ ચર્ચાઓ લક્ષમાં રાખતા આ કામનો પુરાવ શંકા રહીત, સુદૃઢ અને વિશ્વાસનીય જણાય આવતો નથી. આ કામે રેકર્ડ પર તપાસ કરવામાં આવેલા સાહેદોના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે આરોપી વિરુઘ્ધ આક્ષેપિત ગુનાની તાત્વીક / સારતત્વો લગત હકીકતોનો પુરાવામાં અભાવ છે. તેનાથી ઉલટુ સાહેદો ધ્વારા ફરીયાદની હકીકતને લેશમાત્ર સમર્થન રજુ કરવામાં આવેલ નથી. જે સંજોગોમાં આ કામના તમામ સાહેદોનો પુરાવો સ્વતંત્ર રીતે અને સમગ્ર રીતે મુલવતા શંકાથી ભરેલો છે અને આક્ષેપિત તેમની તાત્વીક / સારતત્વો લગત હકીકતોના અભાવવાળો છે. જેથી તેના ઉપર આધાર રાખી શકાય નહી.

**કાયદાની જોગવાઈઓનાં આધારે મુલ્યાંકન :–**

**<u>આઈ.પી.સી. કલમ ૩૨૩:</u>**

" Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both."

**આ કલમના આવશ્યક તત્વો જોઈએ તો :–**

૧. આરોપીએ શારીરીક પીડા, રોગ અથવા અશકિત નીપજાવ્યા.

૨. આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતું.

► **આઈ.પી.સી. કલમ:-૩૨૪ :**

***"Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both."***

**આ કલમના આવશ્યક તત્વો જોઈએ તો :-**

૧. આરોપીએ ભોગ બનનારને શારીરીક પીડા, રોગ અથવા અશકિત નિપજાવી, ***"Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as weapon of offence, is likely to cause death, or by means of fire or any heated***

***substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both."***

૨. આવી ઈજા આરોપીએ, ઈજા પહોંચાડવાના ઈરાદાથી અથવા તેને વ્યથા થાય તેવો સંભવ હોવાનું જણાવા છતાં એટલે કે સ્વેચ્છાપૂર્વક પહોંચાડી,

૩. આવી ઈજા ગોળી છોડવાના અથવા ભોંકવાના અથવા કાપવાના સાધન વડે કરવામાં આવી હતી અથવા જે સાધનનો આક્રમક હથિયાર તરીકે ઉપયોગ કરવાથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે ઝેર કે ક્ષયજનક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ વડે કરવામાં આવી હતી અથવા કોઈ પદાર્થ શ્વાસમાં લેવાથી, ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે કે કોઈ પ્રાણી મારફત આવી વ્યથા પહોંચાડવામાં આવી હતી.

આ કામે ઉપરોકત આઈ.પી.સી. કલમ–૩૨૪ની ચર્ચા કરતા પહેલા આઈ.પી.સી. કલમ ૩૨૨ની ચર્ચા કરવી જરૂરી જણાતી હોય જે નીચે મુજબ છે.

**આઈ.પી.સી. કલમ–૩૨૫ :**

***" Whoever, except in the case provided for by section 335, voluntarily causes grievous hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine."***

**આ કલમના આવશ્યક તત્વો જોઈએ તો :–**

૧. આરોપીએ ભોગબનનારને શારીરીક વ્યથા પહોચાડી,

૨. આ શારીરીક વ્યથા કલમ–૩૨૦ માં દર્શાવ્યા મુબજની મહાવ્યથા હતી,

૩. આવી ઈજા આરોપીએ સ્વૈચ્છા પૂર્વક પહોચાડી.

**ભારતીય દંડ સંહીતાની કલમ ૩૧૯ માં '' વ્યથા'' શબ્દની વ્યાખ્યા આપવામાં આવી છે. ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ ૩૧૯ વં ચાણે લેવામાં આવે તો તેમાં વ્યથા ની નીચે મુજબ વ્યાખ્યા આપવામાં આવેલ છે.**

'' કોઈપણ વ્યકિત, અન્ય કોઈ વ્યકિત ને શારીરીક પીડા, રોગ, અથવા અશકિત નિપજાવે તેણે તેને વ્યથા કરી કહેવાય ''

અહીં ફકત વ્યથાની વ્યાખ્યા આપવામાં આવેલ છે, પરંતુ ફકત વ્યથા પહોંચે કે પહોંચાડે તેને ગુનો ગણાય નહી. ગુન્હાહીત જવાબદારી વ્યકિતના અપરાધના તત્વ સાથે સંબંધ ધરાવે છે અને તે કારણે સ્વેચ્છાપુર્વક ઈજા પહોચાડવામાં આવે ત્યારે જ તે ગુનો ગણાય.

આ કામે ઉપરોકત જોગવાઈની ચર્ચા કરતા પહેલા આઈ.પી.સી.૩૨૦માં જે વ્યથાના પ્રકારો દર્શાવવામાં આવેલ છે તે નીચે મુજબ ધ્યાને લીધેલ છે.

**<u>આઈ.પી.સી. કલમ–૩૨૦</u> :**

***The following kinds of hurt only are designated as "grievous":***

***First — Emasculation.***

***Secondly — Permanent privation of the sight of either eye.***

***Thirdly — Permanent privation of the hearing of either ear,***

***Fourthly — Privation of any member or joint.***

***Fifthly.— Destruction or permanent impairing of the powers of any member or joint.***

***Sixthly — Permanent disfiguration of the head or face.***

***Seventhly — Fracture or dislocation of a bone or tooth.***

***Eighthly — Any hurt which endangers life or which causes the sufferer. to be during the space of twenty days in severe bodily pain, or unable to. follow his ordinary pursuits.***

આ કામે આઈ.પી.સી. ધારા–૩૨૦નાં જે વ્યથાનાં પ્રકારો વર્ણવામાં આવેલા છે તે ધ્યાને લઈએ તો પુરૂષત્વનો નાશ– બેમાંથી કોઈ આંખની જોવાની શકિતનો કાયમ માટે નાશ– બેમાંથી એક કાનની શ્રવણશકિતનો કાયમ માટે નાશ– કોઈ અવયવ કે સાંધાનો નાશ– કોઈ

અવયવ કે સાંધાની શકિતીનો નાશ અથવા કાયમી ખોટ–મસ્તમ અથવા ચહેરાની કાયમી વિકૃતિ–હાડકાનું અથવા દાંતનું ભાગી જવું કે ખસી જવું –જેથી જીંદગી જોખમમાં મુકાય અથવા વ્યથા ભોગવનારને વીસ દિવસ સખત શરીરીક પીડા રહે અથવા તે પોતાની રોંજીદી દિનચર્યા કરવા અશકિતમાન બને તેવી વ્યથા.

આ જોગવાઈ ધ્યાને લઈએ તો તેની સાથે ઉપરોકત આવશ્યક તત્વો ધ્યાને લેતા, આરોપીએ મહાવ્યથા પહોંચાડેલી હોવી જોઈએ અને તે સ્વેચ્છા પૂર્વકની હોવી જોઈએ તથા આ મહાવ્યથા આરોપીએ આ જોગવાઈમાં ઉપરોકત ક,ખ,ગ,ઘ અન્વયેની હોવી જોઈએ અને તેની સાથે આઈ.પી.સી. કલમ ૩ર૦ પણ ધ્યાને લેવી જોઈએ.

**<u>ભારતીય દંડ સંહીતાની કલમ ૩ર૧માં સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડવી શબ્દને વ્યાખ્યાચિત કરવામાં આવેલ છે.</u>**

''કોઈપણ વ્યકિત – કોઈપણ વ્યકિતને વ્યથા કરવાના ઈરાદાથી અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરે અને તેમ કરીને તેને વ્યથા કરે તેણે સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડી કહેવાય. ''

**<u>ભારતીય દંડ સંહીતાની કલમ ૩ર૬</u>**

**<u>ભયાનક શસ્ત્રો ધ્વારા સ્વેચ્છાપુર્વક મહાવ્યથા પહોંચાડવી</u>**

કોઈપણ વ્યકિત, કલમ ૩૩પમાં દર્શાવેલ સંજોગોમાં હોય તે સિવાય, ગોળી છોડવાના, ભોંકવાના અથવા કાપવાના કોઈ સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથીયાર તરીકે વાપરવાથી મૃત્યુ નીપજવા સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે અથવા કોઈ ઝેરી કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ સ્ફોટક

પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનીકારક નીવડે તેવા પદાર્થ વડે અથવા કોઈપણ પ્રાણી મારફત સ્વેચ્છાપુર્વક મહાવ્યથા પહોંચાડે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

આ કલમ વંચાણે લેતા, આ કલમના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

૧. આરોપીએ મહાવ્યથા પહોંચાડી.

૨. આ મહાવ્યથા આરોપીએ સ્વેચ્છાપુર્વક પહોંચાડી.

૩. આ મહાવ્યથા આરોપીએ,

એ. ગોળી છોડવાના, ભોંકવાના અથવા કાપવાના સાધન વડે પહોંચાડી, અથવા

બી. જે સાધનને આક્રમક હથીયાર તરીકે વાપરવાથી મૃત્યુ નીપજવા સંભવ હોય તેવા સાધન વડે મહાવ્યથા પહોંચાડી, અથવા

સી. આગ કે તપાવેલા પદાર્થ વડે મહાવ્યથા પહોંચાડી, અથવા

ડી. કોઈ ઝેરી કે ક્ષયજનક પદાર્થ વડે અથવા સ્ફોટક પદાર્થ વડે મહાવ્યથા પહોંચાડી અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનીકારક નીવડે તેવા પદાર્થ વડે મહાવ્યથા પહોંચાડી અથવા કોઈ પ્રાણી મારફત મહાવ્યથા પહોંચાડી.

**ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૨માં સ્વેચ્છાપુર્વક મહાવ્યથાને વ્યાખ્યાયીત કરવામાં આવેલ છે.**

**કલમ–૩૨૨ :: સ્વેચ્છાપુર્વક મહાવ્યથા પહોંચાડવી.**

'' કોઈપણ વ્યકિત, સ્વેચ્છાપુર્વક વ્યથા પહોચાડે અને જ વ્યથા કરવાનો પોતાનો ઈરાદો હોય અથવા જે વ્યથા થવાતુ પોતે જાણતી હોય તે વ્યથા માહવ્યથા હોય તો અને જે વ્યથા પોતે પહોંચાડે તે મહાવ્યથા હોય તો તેથે સ્વેચ્છાપુર્વક મહાવ્યથા પહોંચાડી કહેવાય.''

સમજુતી – કોઈ પણ વ્યકિત મહાવ્યથા કરે, પરંતુ મહાવ્યથા પહોંચાડવાનો તેનો ઈરાદો ન હોય અથવા પોતે મહાવ્યથા પહોં ચાડશે તેવો સંભવ હોવાનુ જ્ઞાન ન હોય તે તેણે સ્વેચ્છાપુર્વક મહાવ્યથા પહોંચાડી કહેવાય નહી, પરંતુ એક પ્રકારની મહાવ્યથા કરવાનો ઈરાદાથી અથવા પોતે મહાવ્યથા પહોંચાડશે તેવી સંભાવના હોવાનુ જ્ઞાન હોવા છતા, વાસ્તવમાં, તે બીજા પ્રકારની મહાવ્યથા પહોંચાડે તો તેણે સ્વેચ્છાપુર્વક મહાવ્યથા પહોંચાડી કહેવાય.''

અહીં પ્રસ્તુત તમામ વ્યાખ્યામાં સ્વેચ્છાપુર્વક શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે. ભારતીય દંડ સંહીતાની કલમ ૩૯માં ''સ્વેચ્છાપુર્વક'' શબ્દને વ્યાખ્યાચિત કરવામાં આવેલ છે. જેમાં પણ ઈરાદો તથા સંભાવનાનુ જ્ઞાન મહત્વના પાસા છે. આ કલમમાં પણ ઈરાદા સાથે વ્યથા કરવામાં આવે અથવા વ્યથા કરવા સમયે સંભવિત પરીણામની જાણકારી હોય અને છતા વ્યથા પહોંચાડવામાં આવે ત્યારે તેને સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડી ગણાય.

(૧૧) આ કામે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૩ નીચે મુજબ વંચાય છે.

*'જે કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતને તેના શરીર, આબરુ કે મિલકતને અથવા જે વ્યકિતમાં તે બીજી વ્યકિત હિત ધરાવતી હોય તેના શરીર અથવા આબરુને હાનિ પહોંચાડવાની એવા ઈરાદાથી ધમકી આપે જેથી તે વ્યકિત ભયભીત થાય અથવા એવી ધમકીનો અમલ થતા અટકાવવા માટે પોતે જે કરવા કાયદેસર બંધાયેલી ન હોય તે કામ કરે અથવા જે કરવાનો પોતાને કાયદેસર હક હોય તે કામ ન કરે, તેણે તે વ્યકિતને ગન્હાહીત ધમકી આપી ગણાય.''*

(૧૨) સદરહુ સંહિતાની કલમ–૫૦૩ નીચે મુજબ વંચાય છે.

*''જે કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતને તેના શરીર, આબરુ કે મિલકતને અથવા જે વ્યકિતમાં તે બીજી વ્યકિત હિત ધરાવતી હોય તેના શરીર અથવા આબરુને હાનિ પહોંચાડવાની એવા ઈરાદાથી ધમકી આપે જેથી તે વ્યકિત ભયભીત થાય અથવા એવી ધમકીનો અમલ થતા અટકાવવા માટે પોતે જે કરવા કાયદેસર બંધાયેલી ન હોય તે કામ કરે અથવા જે કરવાનો પોતાને કાયદેસર હક હોય તે કામ ન કરે, તેણે તે વ્યકિતને ગન્હાહીત ધમકી આપી ગણાય.''*

(૧૩) ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૩ મુજબની વ્યાખ્યા તથા તે સંબંધે **નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ વણકર અને બીજાઓ વિરુધ્ધ ગુજરાત રાજયના કેસમાં ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાના ૩૩૭**થી પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પારા–૨૪માં એવું પણ ઠરાવવામાં આવેલ છે કે, ધમકી એ આવી ધમકી અપાયેલ વ્યકિતના મનમાં ગભરાટ ઉભો કરતી હોવી જોઈએ. કલમ–૫૦૩માં વ્યાખ્યાયીત

ગુન્હા ધાક ધમકી પર આધારીત છે અને શાબ્દીક ગુન્હાઓ છે. હાલના કેસમાં ફરીયાદ પક્ષ ધ્વારા એવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી કે ફરીયાદ પક્ષને ધમકીના કારણે તેના મનમાં ગભરાટ ઉભો થયો હોય અને તે કાયદેસર બંધાયેલ ન હોય તે કામ કરે અથવા જે કરવાનો પોતાને કાયદેસર હક હોય તે કામ ન કરે. હાથ પરના કેસના ફરીયાદ પક્ષના પુરાવાને સમગ્ર રીતે લક્ષમાં લેતાં, ફરીયાદીને સંકટ ચેતવણી બતાવતી દહેશત અને/અથવા બીકનો સંકેત આપતા પુરાવાની સ્પષ્ટ ગેરહાજરી છે. તે સંજોગોમાં જાનથી મારી નાખવાની ગુન્હાહીત ધાકધમકી આપ્યાના ગુન્હા માટે શંકાઓ ઉત્પન્ન થાય છે.

(૧૪) આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ મુજબનાં ગુનાનું તહોમત છે જે અંગે રેકર્ડ પર ઉપલબ્ધ પુરાવાનું મુલ્યાંકન કરતા, આ કામે તમામ સાહેદોનાં મૌખિક પુરાવા તપાસવામાં આવેલ છે તેઓ તેમની સરતપાસ દરમ્યાન ફરીયાદ તથા તપાસની હકીકતને મહદઅંશે સમર્થનકારી જુબાની આપેલ છે. જયારે બચાવપક્ષ તર્ફે થયેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવી છે કે, તેમણે આ કામે સ્વતંત્ર સાહેદોના નિવદેનો લીધેલ નથી.

(૧૫) પુરાવાના મુલ્યાંકનના આ તબકકે ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ તથા **નામદાર સર્વોચ્ચ અદાલત ના ફીયોના શ્રીખંડે વિરુધ્ધ મહારાષ્ટ્ર રાજય ના કેસમાં (૨૦૧૩) ૧૪ એસ.સી.સી.૪૪**થી પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સદરહુ ચુકાદાના પારા-૧૩માં એવું ઠરાવવામાં આવેલ છે કે,

અપમાન ઈરાદાપૂર્વકનું હોવું જોઈએ, જે વ્યકિતનું અપમાન થયેલ હોય તેને ઉશ્કેરણી કરે તેવું અપમાન હોવું જોઈએ, અને જેનું અપમાન થયેલ છે તે જાહેરશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો આચરશે તેની જાણકારી અથવા ઈરાદો હોવો જોઈએ. અપમાન એ હદનું હોવું જોઈએ કે તે જાહેરશાંતિનો ભંગ અથવા કોઈ ગુન્હો કરવા માટે ભોગબનનારને ઉશ્કેરે. વધુમાં જયાં સુધી આરોપી ધ્વારા વપરાયેલ અસલ શબ્દ રેકર્ડ પર આવે નહીં ત્યાં સુધી એવું ઠરાવવું શકય નથી કે ગુન્હો આચરવામાં આવ્યો છે. કલમ–૫૦૪માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપૂર્વકનું જ નહીં પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઈએ. આમ, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત લક્ષમાં લેવામાં આવે તો હાલના કામમાં આરોપીએ અસલ કયા શબ્દો વાપરેલા તે રેકર્ડ પર આવેલ નથી. તેમજ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતો કોઈ બનાવ બનેલાનું રેકર્ડ પર આવેલ નથી. ફરીયાપક્ષ સદરહુ કલમ માટે આવશ્યક તત્વો સાબિત કરવામાં નિષ્ફળ જાય છે. તે સંજોગોમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબનો ગુન્હો બનેલાની હકીકત બાબતમાં શંકાઓ ઉપસ્થિત થાય છે.

(૧૬) આ કામે આરોપી વિરુધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો આરોપ છે. જે અન્વયે પુરાવાનું મુલ્યાંકન કરતાં, આ કામે ત.ક.અ. ધ્વારા જાહેરનામું રજુ કરેલ છે. પરંતુ જાહેરનામું આ કામની ફરીયાદની તારીખ અમલમાં હતું, તેની કાયદાનુસાર / નિયમાનુસાર

પ્રસિધ્ધી કરવામાં આવેલી કે કેમ, વિગેરે અદાલત રુબરુના સીધા પુરાવાનો અભાવ છે. જે સંજોગોમાં રેકર્ડ પરના તમામ સાહેદોનો મૌખિક પુરાવો સ્વતંત્ર રીતે તથા સમગ્ર રીતે મુલવતાં, ફરીયાદ પક્ષના કેસ મુજબ આ કામે ભોગબનનાર / બનાવના નજરે જોનાર સાહેદો છે, પરંતુ ઉપરની ચર્ચાની નોંધ ઘ્યાને લેતાં, તેઓનો મૌખિક પુરાવામાં વિરોધાભાષ રહેલ છે અને તેઓનો મૌખિક પુરાવો સમગ્ર રીતે મુલવતાં, પુરાવો સુદૃઢ અને વિશ્વસનીય જણાય આવતો નથી. જે સંજોગોમાં સદર મૌખિક પુરાવા પર આધાર રાખી શકાય તેવો શંકાથી પર અને વિશ્વશનીય નથી. તમામ પુરાવા એકી સાથે લક્ષમાં રાખતા શંકા ઉપસ્થિત થાય છે.

(૧૭) વધુમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ લક્ષમાં લેવામાં આવે તો તે પ્રબંધ અનુસાર કોઈપણ કેસ સાબિત કરવા માટે કોઈ નિશ્ચિત સંખ્યામાં સાહેદો તપાસવા જરૂરી નથી. ફકત બનાવને સમર્થન કરતા એકજ સાહેદની જુબાની સુદૃઢ, શંકા રહિત અને વિશ્વસનીય હોય તો, એક માત્ર સાહેદનો પુરાવો બનાવ સાબિતી માટે પુરતો ગણી શકાય અને આવા સાહેદની વિશ્વસનીયતા કોઈપણ પ્રતિ સંજોગોથી શંકાસ્પદ હોવી જોઈએ નહી. પુરાવાની ગુણવતા મહત્વની છે નહી કે તેનો જથ્થો.

(૧૮) આ કામે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં, ફરીયાદીનો પુરાવો આંક–૧૫ની ફરીયાદથી વિરોધાભાષી પુરાવો રજુ થયેલ છે. ફરીયાદીએ ફરીયાદની વિગતોથી વિરોધાભાષી

પુરાવો રજુ રાખેલ છે ફરીયાદીએ પોતાની આંક–૧૫(એ)ની ફરીયાદમાં જણાવેલ વિગતો જોવામાં આવે તો તા.૧૮/૧૧/૧૫ના રોજ હુ તથા મારો નાનોભાઈ અલ્પેશ એમ બન્ને સવારના ૮ વાગ્યે અમારી રાણાસરી સીમમાં આવેલ વાડીએ ખેતીકામ માટે ગયેલ હતા અને અમો બન્ને જણ કપાસ વિણતા હતા ત્યારે સવારના આશરે ૧૦:૩૦ વાગ્યે અમારી વાડીની નજીકમાં આવેલ વાડીવાળા લાલજીભાઈ ગંગારામભાઈ કોળી તથા તેમનો દિકરો ઠાકરશીભાઈ લાલજીભાઈ તથા ચુનીભાઈ ભુરાભાઈ તથા મહીપત ભુરાભાઈ કોળી અમે ચારેય જણા અમારી વાડી પાસે બ્રાહમણી ડેમની કેનાલનો ધોરીયો નિકળે છે ત્યાં આવેલા અને મને બોલાવતા હુ ત્યાં ગયેલ અને મેં આ લોકોને કહેલ કે તમારી વાડીમાં પાણીનો ધોરીયો જાય છે તે ધોરીયાનું પાણી અમારી વાડીમાં છલકાયને આવે છે અને જમીનનું ધોવાણ થાય છે જેથી તમો આ ધોરીયાો રીપેર કરાવી નાખો તેવું કહેતા આ લોકો મારી સાથે બોલાચાલી કરવા લાગેલ અને ગાળો આપવા લાગેલ. જેથી મે આ લોકોને ગાળો આપવાની ના પાડતા લાલજીભાઈ ગગારામભાઈના હાથમાં રહેલ સોરીયાનો એક ઘા માથા મારેલ જેથી માથાના ભાગે અને જમણા કાનની પાછળના ભાગે લાગેલ અને ત્યાંથી લોહી નીકળવા લાગેલ. જયારે સરતપાસમાં તેનાથી બીલકુલ અલગ પ્રકારની વિગતો આંક–૧૫ની સરતપાસમાં જણાવેલ છે. જે જોતાં મહત્વનો વિરોધાભાષ ઉત્પન્ન થાય છે. જે આંક–૩૬ના ત.ક.અ. હર્ષદભાઈ વ્રજલાલ વાઘેલાના પુરાવાથી પુરવાર થાય છે. તેમજ કોઈપણ સ્વતંત્ર નજરે જોનાર સાહેદ બનાવ અંગેની હકીકત સ્વીકારતા નથી કે ફરીયાદીની ફરીયાદને સમર્થન આપતા નથી. આ કામે સ્થાનીક જગ્યા

તથા આરોપીને અટક કર્યાના પંચનામાના પંચસાહેદો દ્વારા કોઈ સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. જેથી ફરીયાદપક્ષ આંક:૨૫ અને ૩૮થી રજુ સ્થાનિક જગ્યાના પંચનામું તથા આરોપીના અટક પંચનામું ધ્યાને લેતાં પોલીસે તપાસનાં કામે આરોપીની અટક કરેલાનું જણાઈ આવે છે પરંતુ પંચનામાની વિગતોને સાહેદોનાં સોગંદ ઉપરનાં પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય રજુ પંચનામું પુરવાર કરેલ નથી. ફરીયાદપક્ષ ધ્વારા સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી અને તપાસવામાં આવેલ હોત તો પણ જયારે મહત્વનાં સાહેદોથી ફરીયાદપક્ષને સમર્થન મળતું ના હોય તે સંજોગોમાં આ તેમનો પુરાવો ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ બની શકવાનું માની શકાય નહી. આ કામે તપાસવામાં આવેલ સાહેદોનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે અને ફરીયાદની હકીકત સાથે મુલવવામાં આવે તો ઉભી થયેલી શંકાઓ વધુ દૃઢ બને છે. ફરીયાદપક્ષ તેના પુરાવાના સંપુર્ણ તબકકા દરમ્યાન ઉભી થયેલી શંકાઓ દુર કરી શકેલ નથી. આ કામે ડૉકટરશ્રીને લખાવેલ હીસ્ટ્રી તેઓના સગા ધ્વારા લખાવવામાં આવેલ છે અને ફરીયાદમાં દર્શાવેલ વિગતવાળા હથિયારના બદલે અલગ પ્રકારના હથિયારનું વર્ણન મેડીકલ ઓફીસર પાસે કરવામાં આવેલ છે. જે જોતાં ત્યાં મહત્વનો વિરોધાભાષ ઉભો થાય છે. સમગ્ર પુરાવામાં કયાંય પણ ત્રિકમ અને કોદારી વડે હુમલો કરેલાનું મેડીકલ ઓફીસર સમક્ષ જણાવે છે પરંતુ રેકર્ડ પરના ફરીયાદપક્ષના ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદોના પુરાવામાં આનાથી અલગ પ્રકારના હથિયારોની વિગતો જણાવેલ છે. જે જોતાં મહત્વનો વિરોધાભાષ ઉભો થાય છે. આ અદાલત ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા **ભરવાડ ભોગીનભાઈ હીરજીભાઈ વિ.**

**ગુજરાત રાજયનાં એ.આઈ.આર. ૧૯૮૩ એસ.સી. ૭૫૩** માં પ્રસિઘ્ધ થયેલ ચુકાદાનાં સિઘ્ધાંતો ને ઘ્યાનમાં રાખી હાલનાં કેસનાં પુરાવાને મુલવતા પણ ફરીયાદી તથા સાહેદોના નિવેદનમાં ઉપર મુજબની હકીકતોનો વિરોધાભાષ ઉભો થતો હોવાનું તથા એકસુત્રતાનો અભાવ હોવાનું ફલીત થાય છે. આ કામના તમામ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન સ્વતંત્ર રીતે તેમજ સમગ્ર રીતે કરતાં, ફરીયાદ પક્ષના સાહેદોનો પુરાવો સુદૃઢ, એકસુત્રી અને વિશ્વસનીય જણાય આવતો નથી. પુરાવાના સમગ્ર તબકકા દરમ્યાન ઉભી થયેલી શંકાઓ ફરીયાદ પક્ષ તેમના પુરાવાના સમગ્ર તબકકા દરમ્યાન દુર કરી શકેલ નથી. જે સંજોગોમાં સદરહુ પુરાવાઓથી ફલીત થતુ નથી કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૮/૧૧/૧૫નાં રોજ ક.૧૦:૩૦વાગે ઈશ્વરનગર ગામની સીમમાં આરોપીને ફરીયાદીએ પાણીનો ધોરીયો રીપેર કરવાનું કહેતા બોલાચાલી કરી, આરોપી નં.૧નાએ પોતાના હાથમાં રહેલ સોરીયાનો એક ઘા ફરીયાદીના માથામાં મારેલ જેથી ફરીયાદીના માથાના ભાગે જમણા કાનના પાછળના ભાગે લાગેલ અને લોહી નીકળવા લાગતા ફરીયાદી ત્યાં પડી જતાં ઠાકરશી લાલજીએ તેના હાથમાં રહેલ પાવડાનો ઉંધો એક ઘા માથામાં મારતા માથાના ઉપરના ભાગે લાગેલ અને ચુનીભાઈ ભુરાભાઈએ તેના હાથમાં રહેલ લાકડી વતી ફરીયાદીને આડેધડ માર મારેલ અને મહીપતભાઈના હાથમાં ખુલ્લી છરી હતી તેનાથી મારવા જતા પડખુ ફરતા જમણા હાથની કોણી પાસે સરકો થયેલ અને આ વખતે ફરીયાદી રાડો પાડતા આ ચારેય જણા તેના હાથમાં રહેલ હથિયારો લઈને તેની વાડી તરફ જતા રહેલ અને જતા જતાં કહેલ કે ધોરીયો રીપેર કરવાનું કયારેય અમોને કહેતો નહી નહીંતર

તને મારી નાખવો પડશે તેવી ધમકી આપી જતાં રહેલ, આ લોકોના કુટુંબી સંજય દેવજી તથા ધીરુભાઈ દેવજીભાઈ બને ભાઈઓ હાથમાં લાકડીઓ લઈને આવી ફરીયાદીને આડેઘડ લાકડી વતી મારવા લાગતા ફરીયાદીને મુંઢ ઈજાઓ થયેલી તે વખતે ફરીયાદીનો ભાઈ રાડો સાંભળી તથા બાજુની વાડી વાળા મજુરો માવસિંગભાઈ એમ બન્ને જણા આવી જતા આ બન્ને પણ ગાળો બોલતા ત્યાંથી જતા રહેલ આ પછી ફરીયાદીને માથામાં લાગેલ હોય લોહી નીકળતું હોય જેથી ફરીયાદીના ભાઈના મો.સા.માં ભાઈ તથા માવસિંગ બન્ને ઘરે લઈ આવેલ. ઘરે બધાને વાત કરી ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી આવી જતા ફરીયાદીનો ભાઈ તથા બાપુજી તથા કુટુંબીજનો હળવદ સરકારી દવાખાનામાં લઈ ગયેલ અને ત્યાં પ્રાથમિક સારવાર આપી ત્યાંથી ક્રિષ્ના હોસ્પીટલમાં વધુ સારવાર અર્થે દાખલ કરેલ આમ કરીને એકબીજાએ ગુનો કરવામાં મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સાહેબ મોરબીનાં જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોય તેવા સંજોગોમાં આરોપીઓને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી જેના કારણે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય અને તેવા સંજોગોમાં આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુન્હાની હકીકતો શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ જાય છે. જેથી મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવેલ છે.

**મુદ્દા નંબર – (૨) :–**

(૧૮) ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ અન્વયે આરોપી વિરુધ્ધનો આક્ષેપીત ગુન્હો સાબીત કરવાનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ઉપરોકત મુદ્દા નં.૧માં કરેલ વિસ્તૃત ચર્ચા મુજબ, શંકા રહીત પુરાવાના અભાવે તે બોજાનું વહન કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે. જે સંજોગોમાં, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના ગુન્હા કરેલાનું શંકાથી પરે પુરવાર થયેલ ન હોય, આરોપીઓને છોડી મુકવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ના હોઈ, ન્યાયના હીતમાં આરોપીઓને છોડી મુકતો હુકમ મુદ્દા નં. ૨ અન્વયે પસાર કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(અ) આ કામના આરોપી નં.(૨) ઠાકરશીભાઈ લાલજીભાઈ બહાપીયા, આરોપી નં.(૩) ચુનીભાઈ ભુરાભાઈ બહાપીયા, આરોપી નં.(૪) મહિપતભાઈ ભુરાભાઈ બહાપીયા, આરોપી નં.(૫) સંજયભાઈ દેવજીભાઈ બહાપીયા, આરોપી નં.(૬) ધીરૂભાઈ દેવજીભાઈ બહાપીયા રહે. તમામ ગામ–સુસવાવ તા.હળવદ જી.મોરબીનાઓને સી.આર.પી.સી. કલમ–૨૪૮(૧) મુજબ ઈ.પી.કો. કલમ: ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(બ) આ કામે આરોપી નંબર (૧) લાલજીભાઈ ગંગારામભાઈ બહાપીયાનાઓ ચાલુ પ્રોસીડીંગ દરમ્યાન મરણ ગયેલ હોય તેઓ વિરુધ્ધની ઈન્સાફી કાર્યવાહીમાં તેઓ વિરુધ્ધનો કેસ એબેટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(ક) આરોપીઓના ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવા માટે રજુ કરેલ ખત તથા જામીન આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ડ) આ કામના આરોપીઓ ધ્વારા અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા સારુ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) મુજબ રજુ કરેલ જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા આ હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(ઈ) અપીલ સમય પુરો થયેલથી કબજે કરેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ફ) ક્રિમીનલ મેન્યુઅલ પારા–૩૪૯(૧) મુજબ આંકે ન પડેલ કાગળો અપીલ/રીવીઝનનો નિર્ણય/નિકાલ થયા બાદ પોલીસ સ્ટેશને પરત કરવા.

(જી) ફોર્મ–બી (બે ટેબ્યુલર સ્ટેટમેન્ટ) ફોજદારી મેન્યુઅલ ના નિયમ–૧૭૯(એ)(૧)(૨) મુજબ આ ઠરાવના ભાગ તરીકે સાથે સામેલ રાખેલ છે.

હુકમ આજ રોજ તા.૨૦મી માહે:માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં હળવદ મુકામે વાંચી–સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

હળવદ.

તા.૨૦/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

*H.D.Lakum*

*Steno.*